सत्यमेव जयते

ફરીયાદ રજુ તારીખ	૨૫	૧૦	૨૦૧૯
ફરીયાદ રજીસ્ટર તારીખ	૨૫	૧૦	૨૦૧૯
ફરીયાદ ફેંસલ તરીખ	૨૦	૦૪	૨૦૨૪
સમયગાળો	**દિવસ**	**માસ**	**વર્ષ**

અમદાવાદના મહે.એડી.ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ શ્રી કે.બી.વાઘેલા સાહેબની ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કોર્ટ નંબર: ૩૦ સમક્ષ

ફોજદારી કેસ નંબર: ૯૭૦૩૪/૨૦૧૯
આંક– ૨૪

ફરીયાદી :– મહાવીર ઈલેકટ્રોનિકસના માલીક,
રાજેશભાઈ મહાદેવભાઈ હરવાણીના કુલમુખત્યાર
શેખ ફકરુદ્દીન ઈબ્રાહીમભાઈ (નવા ફરિયાદી)
ઉ.વ. ૩૦, ધંધો–નોકી , ધર્મે–હિન્દુ,
રહે. જી–૦૨, સુંદર ગોપાલ કોમ્પ્લેક્ષ,
આંબાવાડી સર્કલ, અમદાવાદ.

વિરૂધ્ધ

આરોપી :– દવે અજેશ કુમાર C/O. દિનેશ ઈલેકટ્રોનિકસ
ઉ.વ.–પુખ્ત, ધંધો–વેપાર, ધર્મે–હિન્દુ,
રહે. ૧૯–૨૦, એકતા શોપીંગ સેન્ટર,
એ.એમ.ટી.એસ. વર્કશોપની સામે, લાલ બંગલા,
હાટકેશ્વર, સી.ટી.એમ. રોડ, અમરાઈવાડી,અમદાવાદ.

ગુનો :– **નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબ.**

ફરીયાદપક્ષ તરફે : વિ.વ.શ્રી એન. પી. તોમર
આરોપીપક્ષ તરફે : વિ.વ.શ્રી એ. એ. રાવત

–: ચુકાદો :–

(૧). આ કામના આરોપી ધી નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ–૧૮૮૧**(જેને સગવડતાં ખાતર હવે પછી 'એકટ' તરીકે સંબોધન કરવામાં આવેલ છે.)ની** કલમ–૧૩૮ હેઠળ શિક્ષાપાત્ર ગુનાનો સામનો કરી રહેલ છે.

ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના ફરિયાદી ઈલેકટ્રોનિકસ આઈટમોનાં ડીસ્ટ્રીબ્યુટર તરીકે હોલસેલનો વેપાર ધંધો કરે છે અને ફરિયાદીને મહાવીર ઈલ ેકટ્રોનિકસનાં માલિક રાજેશભાઈ મહાદેવભાઈ હરવાણીનાઓએ તા. ૧૯–૦૯–૨૦૧૬ ના રોજ એક જનરલ પાવર ઓફ એટર્ની નોટરીશ્રી આર.જે. રાજપૂતનાં સીરીયલ નં. ૪૫૨–જે–૨૦૧૬ થી લખી આપેલ છે. ફરિયાદીની કોર્ટ કચેરીની તમામ કાર્યવાહીઓ કરવા કુ.મ. લખી આપેલ છે. ફરિયાદીને ફરિયાદ દાખલ કરવાની સત્તા, અધિકાર આપેલ તથા ફરિયાદી તમામ વ્યવહારોથી માહિતગાર છે. ત્યાર બાદ કુ.મુ. મૌલિક ગણપતભાઈ મિસ ્ત્રીનાઓએ મહાવીર ઈલેકટ્રોનિકસમાંથી રાજીનામું આપી દીધેલ હોવાથી તા. ૦૩–૦૮–૨૦૨૦ ના રોજ નોટરીશ્રી આર.જે. રાજપૂતના ચોપડે નોંધ કરાવી પાવર ઓફ એટર્ની સીરીયલ નં. ૨૨૫–જી–૨૦૨૦ થી લખી આપેલ પાવરના આધારે ફરિયાદીના કુલમુખત્યાર તરીકે નવા ફરિયાદી શેખ ફકરુદ્દીન ઈબ્રાહીમભાઈની નિમણૂક કરેલ છે. આ કામના આરોપી દિનેશ ઈલેકટ્રોનિકસના નામે અમરાઈવાડી, અમદાવાદ મુકામે ઈલેકટ્રોનિકસ આઈટમોનો વેપાર ધંધો કરે છે. આરોપીને ફરિયાદી વેપારી સંબંધોના ભાગરૂપે સારી રીતે ઓળખે છે. આરોપી ફરિયાદીની પેઢીમાંથી તેઓની પેઢી દિનેશ ઈલેકટ્રોનિકસનાની જરૂરિયાત મુજબ ઈલ ેકટ્રોનિકસ આઈટમોનું માલ ઘણા સમયથી મંગાવે છે જેથી આરોપીની પેઢીનું ઉધાર ખાતું ફરિયાદીની પેઢીમાં ચાલે છે આમ ફરિયાદીને આરોપીની પેઢી દિનેશ ઈલેકટ્રોનિકસમાંથી ખાતાના હિસાબે રૂા. ૧,૨૮,૯૪૧/– કાયદેસર રીતે બાકી નીકળે છે. આરોપીએ ફરિયાદીના કાયદેસરના બાકી લેણાંની ચુકવણી પેટે તેમની પેઢી દિનેશ ઈલેકટ્રોનિકસના દેવાની ચુકવણી બાબતે તેમના વ્યકિતગત ખાતાની બેંક, કોટક મહિન્દ્રા બેંક લી., ૧૦/૧૨, કર્ણાવતી ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, જી.આઈ.ડી.સી., ફેસ–૪, અમદાવાદ–૩૮૨૪૪૫ શાખાનો ચેક નં. ૦૦૦૦૭૬, તા. ૨૦–૦૯–૨૦૧૯ ના રોજનો રૂા. ૧,૨૮,૪૩૧/– નો લખી આપેલ અને સદરહું ચેકમાં ખાતાના ધારક તરીકે સહી કરી ફરિયાદીની પેઢીને લખી આપેલ અને સદરહું

ચેક લખી આપતી વખતે આરોપીએ ફરિયાદીને વિશ્વાસ અને ભરોસો આપેલ કે, સદરહું ચેક બેંકમાં જમા કરાવતા ચોકકસપણે સ્વીકારાઈ જશે. ત્યાર બાદ ફરિયાદીએ તેઓના ખાતાવાળી બેંક,DEUTSCHE BANK, ૬૩૭, ગ્રાઉન્ડ ફ્લોર, બી–ગુલબાઈ ટેકરા, સી.જી.રોડના નાકે, અમદાવાદ–૬ શાખામાં તા. ૨૧–૦૯–૨૦૧૯ ના રોજ જમા કરાવતાં ''ફન્ડસ ઈનસફીશીયન્ટ''ના કારણે પરત ફરેલ. જેથી ફરીયાદીએ વકીલશ્રી નરેન્દ્રસિંહ પી. તોમર મારફતે આરોપીને ચેક પરત આવ્યાની કાયદેસરની નોટિસ રજી.પો.એડી. તથા ઓર્ડિનરી પોસ્ટ થી તા. ૨૬–૦૯–૨૦૧૯ ના રોજ મોકલાવેલ. જે નોટિસ તા. ૨૭–૦૯–૨૦૧૯ ના રોજ ''સીલબંધ'' હાલતમાં પરત આવેલ છે જયારે ઓર્ડિનરી પોસ્ટ ધ્વારા મોકલેલ નોટિસ બજી ગયેલ છે. આમ, નોટિસ બજવા છતાં આરોપીએ તેનો અમલ કરેલ નહિં. કે પરત ફરેલા ચેકનાં નાણાં ચુકવી આપવા કોઈ તજવીજ કરેલ નહીં.

આમ, આરોપીએ ફરીયાદીના કાયદેસરના બાકી લેણાંની રકમ ચુકવી આપેલ ન હોઈ જેથી ફરીયાદીએ એકટ–૧૮૮૧ની કલમ– ૧૩૮ હેઠળ હાલની ફરીયાદ આરોપી સામે દાખલ કરેલ છે.

(૨) સદર કામે આરોપી વિરુધ્ધ ગુનાનું સંજ્ઞાન લીધા બાદ સદર કેસના કામે સમન્સ ઈસ્યુ કરવામાં આવેલ અને આરોપીને સમન્સની બજવણી થતા સદર અદાલત સમક્ષ હાજર થતાં મારા પૂરોગામી વિ.એડી.ચીફ મેટ્રો પોલીટન મેજીસ્ટ્રેટ સાહેબશ્રીનાઓએ આરોપીને ક્રિ.પ્રો. કોડની કલમ–૨૦૭ અન્યે ફરીયાદના કાગળોની નકલ વિના મુલ્યે પુરી પાડેલ. ત્યારબાદ ક્રિ. પ્રો.કોડની કલમ–૨૫૧ મુજબ આરોપીની પ્લી **આંક–૦૮** થી નોંધવામા આવેલ સબબ, આરોપીએ આક્ષેપયુકત ગુનાનો ઈન્કાર કરતાં આરોપી વિરૂધ્ધ સદર કેસની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

(૩) વધુમાં, બચાવપક્ષને મૌખિક તેમજ લેખિત પુરાવો રજુ કરવાની વ્યાજબી અને પુરતી તક મળી રહે અને હાલનો કેસ સમન્સ ટ્રાયેબલ પધ્ધતિથી ચલાવવાનું વાજબી અને યોગ્ય જણાતાં મારા પૂરોગામી વિ.એડી.ચીફ મેટ્રો.મેજી. સાહેબશ્રીનાઓ ધ્વારા હાલનો કેસ સમન્સ ટ્રાયેબલ પધ્ધતિથી ચલાવવાનો હુકમ આંક–૦૧ લગત કરવામાં આવેલ છે.

(૪) ફરીયાદપક્ષના તરફથી પોતાનો કેસ પુરવાર કરવા નીચે મુજબના દસ્તાવેજી તથા

મૌખિક પુરાવા રેકર્ડ પર લાવવામાં આવેલ છે.

–:: મૌખિક પુરાવો ::–

સા.નં.	નામ	આંક
૧	ફરીયાદી મહાવીર ઈલેકટ્રોનિકસના માલીક, રાજેશભાઈ મહાદેવભાઈ હરવાણીના કુલમુખત્યાર મૌલિક ગણપતભાઈ મિસ્ત્રીન સરતપાસનું સોગંદનામું	૦૪
	ફરીયાદી મહાવીર ઈલેકટ્રોનિકસના માલીક, રાજેશભાઈ મહાદેવભાઈ હરવાણીના કુલમુખત્યાર શેખ ફકરુદ્દીન ઈબ્રાહીમભાઈન સરતપાસનું સોગંદનામું(નવા ફરિયાદી)	૧૮

ફરીયાદપક્ષની આંક–૧૭ ની ફરીયાદી બદલવાની અરજી મંજુર કરવામાં આવેલ છે અને તે અન્વયે નવા ફરીયાદી ધ્વારા આંક–૧૮ થી સરતપાસનું સોગંદનામું રજુ કરેલ છે.

–:: દસ્તાવેજી પુરાવો :–

અ.નં.	વિગત	આંક
૧	ગુમાસ્તા સર્ટીફીકેટની ખરી નકલ	૦૯
૨	પાવર ઓફ એટર્ની ખરી નકલ	૧૦
૩	આરોપીના ખાતાનો ઉતારો	૧૧
૪	અસલ તકરારી ચેક નં.૦૦૦૦૭૬	૧૨
૫	અસલ તકરારી ચેક નં. ૦૦૦૦૭૬ નો રિટર્ન મેમો	૧૩
૬	નોટિસની ઓફિસ કોપી	૧૪
૭	નોટિસ રજી.એ.ડી. કર્યાની પહોંચ	૧૫
૮	પરત આવેલ નોટિસનું કવર	૧૬
૯	પાવર ઓફ એટર્ની ની ખરી નકલ	૨૧

આ સિવાય વધુ કોઈ લેખિત/મૌખિક પુરાવો ફરીયાદપક્ષ તરફે રજુ થયેલ નથી. તેમજ વધુ કોઈ પુરાવા રજુ કરવા માંગતા ન હોવાનું કલોઝીંગ પુરસીસથી જાહેર કરવામાં આવેલ છે.

(૫). આ કામે ફરીયાદપક્ષે સરતપાસનું સોગંદનામું તથા ઉપરોકત પુરાવા રજુ કર્યા બાદ બચાવપક્ષને ફરીયાદીની ઉલટતપાસ માટે પુરતી અને વ્યાજબી તકો આપવામાં આવેલ હોવા

છતાં બચાવપક્ષે ફરીયાદીની ઉલટતપાસ કરેલ નથી. જેથી રેકર્ડ ઉપરની હકીકતો ધ્યાને લઈ આરોપીનો ફરીયાદીની ઉલટતપાસનો હકક આંક–રર થી બંધ કરવાનો રોજકામમાં હુકમ કરવામાં આવેલ છે. ત્યારબાદ પણ આરોપીએ હાજર રહી ઉલટતપાસનો હકક ઓપન કરવા માટે અત્રેની અદાલત સમક્ષ કોઈ અરજ કરેલ નથી કે અત્રેની અદાલતના હુકમને સક્ષમ ઓથોરીટી સમક્ષ પડકારવામાં આવેલ નથી. આરોપીના પોતાના કસુરના કારણે ક્રિ.પ્રો. કોડની કલમ–૩૧૩ અન્વયે આરોપીનું વિશેષ નિવેદન નોંધી શકાયું નથી. તેમજ આરોપીપક્ષે પોતાના બચાવમાં કોઈ જ લેખિત/મૌખિક પુરાવાઓ રજુ કરેલ નથી.

(૬) ફરીયાદ તથા રેકર્ડ ઉપર આવેલ પુરાવાના પરીપ્રેક્ષ્યમાં સદર કેસનો ન્યાયીક અંત આણવા મારી સમક્ષ નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

મુદ્દા

(૧) શું ફરીયાદ પક્ષ નિ:શંકપણે પર પુરવાર કરે છે કે, આ કામના આરોપી પાસેથી લેણી નીકળતી રકમની ઉઘરાણી કરતા, આરોપીએ સહી કરી લખી આપેલ ફરીયાદવાળો ચેક ફરીયાદીએ બેંકમાં જમા કરાવતા અણચુકવાયેલ પરત ફરતા ફરીયાદીએ આરોપીને વિ. એડવોકેટ મારફતે એકટની કલમ–૧૩૮(બી) મુજબની નોટીસ સમય મર્યાદામાં આપેલ. આમ, નોટીસ મોકલાવેલ હોવા છતાં આરોપીએ ચેકની કાયદેસરની લેણી રકમ ફરીયાદીને ન ચુકવી આપી, આ કામના આરોપીએ એકટ–૧૮૮૧ની કલમ –૧૩૮ મુજબનો શિક્ષાપાત્ર ગુન્હો કરેલ છે.?

(૨) શું હુકમ ?

(૭) ઉપરોકત મુદ્દાના મારા નિર્ણય નીચે મુજબ છે.

(૧) હકારમાં

(૨) આખરી હુકમ મુજબ.

(૮) આ કામે ફરીયાદપક્ષની મૌખીક દલીલો સાંભળવામાં આવેલ છે. જયારે આરોપીપક્ષ તરફે દલીલો કરવા માટે દરકાર લીધેલ નથી કે હાજર રહેલા નથી.

// કારણો //

મુદ્દા નં.૧ :–

(૯). આરોપી સામેનો આક્ષેપિત ગુનો સાબિત કરવા માટે આ કામે ફરીયાદીએ નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ–૧૮૮૧ ના આવશ્યક તત્વો સાબિત કરવાના રહે છે. નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ ના નીચે મુજબના આવશ્યક તત્વો પુરવાર કરવાની જવાબદારી ફરીયાદીના શિરે રહેલી છે.

૧. આરોપીએ પોતાના ધ્વારા નિભાવવામાં આવતા ખાતામાંથી નાણાં ચૂકવવા ફરીયાદીને ચેક આપેલ.

૨. આરોપીએ ફરીયાદીને આવો ચેક સમગ્ર અથવા અંશત: દેવું અથવા જવાબદારી અદા કરવા માટે આપેલ હતો.

૩. ચેક જે તારીખે લખેલ હતો તે તારીખથી ચેકને નિયત સમયમર્યાદામાં રજુ કરવામાં આવેલ હતો.

૪. ચેક આરોપીના ખાતામાં અપૂરતા ભંડોળને કારણે પરત થયેલો.

૫. ચેક પરત થયાની માહિતી મળ્યા બાદ ફરીયાદીએ ૩૦ દિવસની સમયમર્યાદામાં નાણાંની માગણી કરતી લેખિત નોટીસ ચેક લખનાર(આરોપી)ને મોકલેલ હતી.

૬. આરોપીને આવી લેખિત નોટીસ મળી ગયેલ હોવા છતાં ચેકના નાણાં ૧૫ દિવસની સમયમર્યાદામાં ચૂકવી આપેલા નથી.

(૯.૧). આ કામે રેકર્ડ ઉપર રજુ સમગ્ર પુરાવાનું મૂલ્યાંકન કરતાં અગાઉ ધી નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૧૮ અને ૧૩૯ અન્વયે અદાલતે કેટલાક અનુમાનો કરવાના હોય છે. જો એકવાર એવું પુરવાર થાય કે આરોપીએ ફરીયાદીને ચેક આપેલ હતો તો તે અનુસંધાને અદાલતે કેટલાક અનુમાન કરવાના રહે છે. જોકે આ અનુમાનો નિર્ણાયક પુરાવો નથી પરંતુ તેવા અનુમાનો યોગ્ય અને વ્યાજબી પુરાવા તથા ખુલાસાથી ખંડન કરી શકાય. વધુમાં સદર કાયદાકીય અનુમાનોનું ખંડન કરવા આરોપીએ સોગંદ ઉપર જુબાની આપવી જ જોઈએ એવો કાયદાનો કોઈ નિયમ નથી પરંતુ સંભવિતતાનાં પ્રાબલ્ય (પ્રિપોન્ડરન્સ ઓફ પ્રોબેબિલિટી)થકી તેમજ ફરીયાદીની ઉલટ તપાસ તેમજ રેકર્ડ ઉપરના પુરાવા ઉપરથી અનુમાનોનું ખંડન કરી

શકે છે.

(૯.૨).આ તબકકે નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૧૮ તથા ૧૩૯ ની જોગવાઈઓ ધ્યાને લેવી જરૂરી છે.

118.**Presumptions as to negotiable instruments.** Until the contrary is proved, the following presumptions shall be made:

(a) **of consideration.** that every negotiable instrument was made or drawn for consideration, and that every such instrument, when it has been accepted, indorsed, negotiated or transferred, was accepted, indorsed, negotiated or transferred for consideration;

(b) **as to date.**that every negotiable instrument bearing a date was made or drawn on such date;

(c) **as to time of acceptance.**that every accepted bill of exchange was accepted within a reasonable time after its date and before its maturity;

(d) **as to time of transfer.**that every transfer of a negotiable instrument was made before its maturity; (e) **as to order of indorsements.** that the indorsements appearing upon a negotiable instrument were made in the order in which they appear thereon;

(f) **as to stamp.**that a lost promissory note, bill of exchange or cheque was duly stamped;

(g) **that holder is a holder in due course.**that the holder of a negotiable instrument is a holder in due course: Provided that, where the instrument has been obtained from its lawful owner, or from any person in lawful custody thereof, by means of an offence or fraud, or has been obtained from the maker or acceptor thereof by means of an offence or fraud, or for unlawful consideration, the burden of proving that the holder is a holder in due course lies upon him.

139. Presumption in favour of holder. It shall be presumed, unless the contrary is proved, that the holder of a cheque received the cheque, of the nature referred to in section 138, for the discharge, in whole or in part, of any debt or other liability.

(૧૦) આ કામે ફરીયાદીએ પોતાનો કેસ પુરવાર કરવા માટે આંક-૦૪ થી સરતપાસનું સોગંદનામું રજુ કરેલ છે. જેમાં ફરીયાદી ફરીયાદ હકીકતને વળગી રહેલ છે. ફરીયાદની હકીકતનું ઉપરોકત વર્ણન કરવામાં આવેલ હોય, અત્રે સદર હકીકતોને ફરીથી દોહરાવવામાં આવેલ નથી. હાલના કેસમાં રજૂ પુરાવાનું મૂલ્યાંકન કરવામાં આવે તો, આંક-૧૨ થી ફરીયાદવાળો અસલ ચેક, આંક-૧૩ થી અસલ રીટર્ન મેમો તથા આંક-૧૪ થી ડિમાન્ડ નોટિસની સ્થળપ્રત રજુ કરેલ છે. ફરીયાદવાળો ચેક સમયમર્યાદામાં રજૂ થયેલ છે તેમજ સદર ચેક વણચુકવાયે પરત ફરેલ છે. જેની એકટની કલમ-૧૩૮(બી) મુજબની સ્ટેચ્યુટરી નોટિસ ફરીયાદીએ પોતાના વિ.વકીલશ્રી મારફતે આરોપીના સરનામે રજીસ્ટર્ડ પોસ્ટ એડીથી સમય મર્યાદામાં મોકલાવેલ છે. જે નોટિસ આરોપીને બજી ગયેલ. આમ,સ્ટેચ્યુટરી પિરિયડ દિન-૧૫ પૂર્ણ થયેલ હોવા છતાં, આરોપીએ ફરીયાદીની કાયદેસરની લેણી રકમ ચુકવી આપેલ ન હોય હાલની ફરીયાદ દાખલ કરવામાં આવેલ છે. હાલની ફરીયાદમાં એકટ-૧૮૮૧ ની કલમ-૧૩૮ તથા ૧૪૨ અન્વયે સ્ટેચ્યુટરી જોગવાઈઓનું પાલન થયેલ છે. તેમજ સમય મર્યાદામાં દાખલ કરવામાં આવેલ છે.

તકરારી ચેક આરોપીએ આપેલ હોવાની હકીકત ફરીયાદપક્ષે પુરવાર કરેલ છે તથા તકરારી ચેક આરોપીના ખાતાના હોવાની અને ચેકમાં આરોપીની સહી હોવાની હકીકત સ્વીકૃત હકીકત છે. જેથી, ફરીયાદીએ "Execution of Cheque" પુરવાર કરેલ છે. જેથી, એકટ-૧૮૮૧ ની કલમ-૧૩૯ હેઠળનું પ્રિઝમ્પ્શન ફરીયાદીની તરફેણમાં કરવાનું રહે છે.

હવે એ નકકી કરવાનું રહે છે કે, આ કામના આરોપી એકટ- ૧૮૮૧ ની કલમ-૧૩૯ હેઠળના ફરીયાદીની તરફેણનાં અનુમાનોનું ખંડન કરવામાં સફળ રહેલ છે કે કેમ ?

એકટ-૧૮૮૧ ની કલમ-૧૩૯ હેઠળના સ્ટેચ્યુટરી પ્રિઝમ્પ્શનનું ખંડન આરોપી કઈ અને કેટલી રીતે કરી શકે તે બાબતે નીચે મુજબની કાયદાકીય પરિસ્થિતિને ધ્યાને લેવી

અગત્યની છે.

આ તબકકે નામ.સુપ્રિમ કોર્ટનાં Kumar Exports Vs Sharma Carpets,2008(0)AIJEL–SC 42685 ના ચુકાદાના પેરા–૧૧ ને અત્રે ધ્યાને લેવો અગત્યનો છે.

11. The use of the phrase "until the contrary is proved" in Section 118 of the Act and use of the words "unless the contrary is proved" in Section 139 of the Act read with definitions of "may presume" and "shall presume" as given in Section 4 of the Evidence Act, makes it at once clear that presumptions to be raised under both the provisions are rebuttable. When a presumption is rebuttable, it only points out that the party on whom lies the duty of going forward with evidence, on the fact presumed and when that party has produced evidence fairly and reasonably tending to show that the real fact is not as presumed, the purpose of the presumption is over. The accused in a trial under Section 138 of the Act has two options. He can either show that consideration and debt did not exist or that under the particular circumstances of the case the non-existence of consideration and debt is so probable that a prudent man ought to suppose that no consideration and debt existed. To rebut the statutory presumptions an accused is not expected to prove his defence beyond reasonable doubt as is expected of the complainant in a criminal trial. The accused may adduce direct evidence to prove that the note in question was not supported by consideration and that there was no debt or liability to be discharged by him. However, the court need not insist in every case that the accused should disprove the non-existence of consideration and debt by leading direct evidence because the existence of negative evidence is neither possible nor contemplated. At the same time, it is clear that bare denial of the passing of the consideration

and existence of debt, apparently would not serve the purpose of the accused. Something which is probable has to be brought on record for getting the burden of proof shifted to the complainant. **To disprove the presumptions, the accused should bring on record such facts and circumstances, upon consideration of which, the court may either believe that the consideration and debt did not exist or their non-existence was so probable that a prudent man would under the circumstances of the case, act upon the plea that they did not exist. Apart from adducing direct evidence to prove that the note in question was not supported by consideration or that he had not incurred any debt or liability, the accused may also rely upon circumstantial evidence and if the circumstances so relied upon are compelling, the burden may likewise shift again on to the complainant.** The accused may also rely upon presumptions of fact, for instance, those mentioned in Section 114 of the Evidence Act to rebut the presumptions arising under Sections 118 and 139 of the Act. The accused has also an option to prove the non-existence of consideration and debt or liability either by letting in evidence or in some clear and exceptional cases, from the case set out by the complainant, that is, the averments in the complaint, the case set out in the statutory notice and evidence adduced by the complainant during the trial. Once such rebuttal evidence is adduced. and accepted by the court, having regard to all the circumstances of the case and the preponderance of probabilities, the evidential burden shifts back to the complainant and, thereafter, the presumptions under Sections 118 and 139 of the Act will not again come to the complainant's rescue.

ઉપરોકત કાયદાકીય પરિસ્થિતિને ઘ્યાને લેતાં, સામાન્ય વ્યકિત માનવાને પ્રેરાય તેવો ''પ્રોબેબલ ડિફેન્સ'' આરોપી રેકર્ડ ઉપર રજુ પુરાવા થકી એટલે કે ''સંભવિતતાના

પ્રાબલ્ય'' થકી અથવા તો પુરાવો રજુ કરી એકટ–૧૮૮૧ ની કલમ–૧૩૯ હેઠળનાં અનુમાનોનું ખંડન કરી શકે છે.

(૧૧) આ કામે રેકર્ડ પરની સમગ્ર હકીકતો ધ્યાને લેતાં, આરોપીપક્ષે ફરીયાદીની ફરીયાદ હકીકતનો માત્ર ઈન્કાર કરેલ છે તે સિવાય કોઈપણ સ્પષ્ટ બચાવ લીધેલ નથી તેમ છતાં, આ કામે રેકર્ડ ઉપરના ઉપસ્થિત પુરાવા અને હકીકતોનું મુલ્યાંકન કરવામાં આવે તો, સૌ પ્રથમ આ કામના આરોપીએ પ્લી નોંધતા સમયે, કેસની સમગ્ર ટ્રાયલ દરમ્યાન ફરીયાદવાળા ચેકમાં પોતાની સહી બાબતે કોઈ સ્પષ્ટ તકરાર લીધેલ નથી કે આવી હકીકતને પુરવાર કરેલ નથી. જેથી આરોપીએ પોતાની સહી કરી હાલનો ફરીયાદવાળો ચેક ફરીયાદીને આપેલ હોવાનું માનવાને કારણ રહે છે. આમ, ફરીયાદવાળા વિવાદીત ચેક અન્વયે જયાં સુધી વિરૂધ્ધની હકીકત પુરવાર કરવામાં ન આવે ત્યાં સુધી ચેકની તમામ હકીકતો સાચી અને ખરી હોવાનું અનુમાન કરવાનું રહે છે. વધુમાં એકટની કલમ–૧૧૮ સાથે વંચાણે લેતા કલમ–૧૩૯ ના અનુમાનો મુજબ વિવાદીત ચેક આરોપીએ કોઈ દેવાની પુર્ણ કે અંશત : ચુકવણી સારૂ અથવા તો અન્ય કોઈ જવાબદારી અદા કરવા સારૂ આપેલ હશે તેવું અનુમાન કરવાનું રહે છે. અલબત આ અનુમાનો ખંડનાત્મક છે. પરંતુ જયાં સુધી આવા અનુમાનોનું આરોપીપક્ષ ધ્વારા ખંડન કરવામાં ન આવે ત્યાં સુધી આ કાનુની અનુમાનો ફરીયાદીની તરફેણમાં અને આરોપીની વિરૂધ્ધમાં અસ્તિત્વમાં રહે છે. વધુમાં કાનુની અનુમાનોનું ખંડન આરોપીપક્ષ ફરીયાદીની ઉલટ તપાસ ધ્વારા, પોતે કોઈ લેખિત કે મૌખિક પુરાવો રજુ કરીને અથવા તો ફરીયાદપક્ષે પોતાના કેસના સમર્થનમાં રજુ રાખેલ રેકર્ડ ઉપરના ઉપલબ્ધ પુરાવામાં સંભવિત શંકા ઉત્પન્ન કરીને પણ અનુમાનોનું ખંડન કરી શકે છે. પરંતુ આ કામે રેકર્ડ આધારે જોતા આરોપીપક્ષ ધ્વારા તેમની વિરૂધ્ધના અનુમાનોનું ખંડન કરવા માટે કોઈ જ સક્રિય પ્રયત્નો કરેલ નથી.

(૧૧.૧). વધુમાં,પ્રાથમિક તબકકે જ આ કામે ફરીયાદપક્ષ ધ્વારા સરતપાસનું સોગંદનામું રજુ રાખ્યા બાદ આરોપીપક્ષે ફરીયાદીની ઉલટ તપાસ કરવામાં આવેલ નથી. તેમજ ફરીયાદીની સરતપાસ તળે ઉલટતપાસ કરવા માટે આરોપીપક્ષને પુરતી અને વ્યાજબી તકો આપવામાં આવ્યા બાદ પણ આરોપીપક્ષે ફરીયાદીની ઉલટ તપાસ કરેલ ન હોય, જેથી

આરોપીનો ફરીયાદીની ઉલટ તપાસનો હક બંધ કરવામાં આવેલ છે.ત્યારબાદ પણ આરોપીપક્ષે ફરીયાદીની ઉલટતપાસનો હકક ઓપન કરવા માટે અત્રેની કોર્ટ સમક્ષ અરજ કરેલ નથી કે અત્રેની કોર્ટના હુકમને સક્ષમ ઓથોરિટી સમક્ષ પડકારેલ નથી. આમ, ફરીયાદીની ઉલટ તપાસ ધ્વારા પોતાનો બચાવ રજુ કરવાની પણ આરોપી ધ્વારા દરકાર લેવામાં આવેલ નથી. ત્યારબાદ અંતિમ તક સ્વરૂપે દલીલ કરવાની પણ દરકાર લીધેલ નથી. જેથી હાલનું કામ પુરાવાકીય મુલ્યાંકન આધારે ગુણદોષ ઉપર આખરી ઠરાવ માટે રાખવામાં આવેલ છે.

આરોપીને તેઓની સામે હાલનો કેસ નામદાર કોર્ટ પેન્ડીંગ છે તે જાણમાં છે તેમ છતાં કેસની કાર્યવાહી માટે હાજર રહેલ નથી. ચેક રીટર્નના કેસોનો કોર્ટોમાં ખુબ જ ભરાવો છે. જો કેસના દરેક તબકકે આરોપીને પકડ વોરંટ ઈસ્યુ કરી હાજર રખાવવા પ્રયત્નો કરવામાં આવે તો ચેકના કેસોનો નિકાલ કરવાનુ કામ ખુબ જ મુશ્કેલ બની રહે. આરોપીને તેઓની સામે કેસની કાર્યવાહી કોર્ટમાં ચાલી રહેલ હોવાનુ જાણમાં છે તેમ છતાં હાજર ન રહી કેસની કાર્યવાહી વિલંબીત કરવાના ઈરાદાથી હાજર રહેલ ન હોવાનુ આરોપીના વર્તન ઉપરથી જણાઈ આવે છે. કાયદો જાગૃત વ્યકિતને મદદ કરે છે. આમ, આરોપી તેઓની સામેના કેસમાં કોઈ બચાવ રજુ કરવા માગતા નથી તેવુ અનુમાન કરી શકાય.

(૧૧.૨) આ કામે સમગ્ર ટ્રાયલ દરમ્યાન બચાવપક્ષે ફરીયાદીએ રજુ કરેલ ઉપરોકત વર્ણવ્યા મુજબના દસ્તાવેજી પુરાવા સંદર્ભે કોઈ સ્પષ્ટ તકરાર લીધેલ નથી કે ફરીયાદપક્ષે રજુ કરેલ દસ્તાવેજોમાં જણાવેલ હકીકતોથી વિરૂધ્ધની હકીકત રેકર્ડ ઉપર લાવવા માટે કોઈ પ્રયત્ન સુધ્ધા કરેલ ન હોઈ, જેથી આ દસ્તાવેજ અને તેમાં નોંધેલ હકીકતો નહીં માનવાને કોઈ સ્પષ્ટ અને વાજબી કારણો ઉપસ્થિત રેકર્ડમાં જણાઈ આવતા નથી. આ કામે ફરીયાદવાળો ચેક ડીસઓનર થયા બાદ ફરીયાદી ધ્વારા કાયદેસરની નોટીસ આરોપીના સાચા અને ખરા સરનામે મોકલવામાં આવેલ છે અને તે નોટીસની આરોપીને બજવણી થયેલ છે. આરોપીપક્ષે ચેક રીર્ટનની નોટીસ બજેલ નથી તે અંગે કોઈ તકરાર લીધેલ નથી કે કોઈ બચાવ રજુ કરેલ નથી કે, તેવી હકીકતથી વિરૂધ્ધની હકીકત સાબિત કરવા કોઈ પ્રયત્ન કરેલ નથી. રેકર્ડ ધ્યાને લેતા આરોપીએ ફરીયાદવાળો ચેક કાયદેસરના દેવા અથવા તો જવાબદારી

પેટે આપેલ ન હતા તેવો કોઈપણ સ્પષ્ટ બચાવ લઈ તે બચાવને આરોપીપક્ષે રેકર્ડ ઉપર પુરવાર કરવા માટે પ્રયત્ન સુધ્ધા કરેલ નથી. આ કામે આરોપીએ માત્ર પોતાની પ્લીમાં ગુન્હો કરેલ ન હોવાનો બચાવ લીધેલ છે તે સિવાય અન્ય કોઈ સ્પષ્ટ બચાવ લીધેલ નથી કે આવા બચાવને પુરવાર કરવા માટે કોઈ સફળ પ્રયત્ન કરેલ નથી. જેથી સમગ્ર રેકર્ડ ધ્યાને લેતા બચાવપક્ષ પોતાના શીરે આવેલ કાનુની અનુમાનોનું ખંડન કરવા કોઈ પણ જાતના પ્રયત્ન કરેલ ન હોય, બચાવપક્ષને કાનુની અનુમાનોનું ખંડન કરવા સંપુર્ણપણે નિષ્ફળ ગયેલ હોવાનું રેકર્ડ ધ્યાને લેતા સ્પષ્ટપણે જણાઈ આવે છે. વધુમાં આ કામે ફરીયાદપક્ષે ફરીયાદ હકીકતને સમર્થનકારી રજુ કરેલ દસ્તાવેજી પુરાવાથી વિરૂધ્ધની કોઈ હકીકત રેકર્ડ ઉપર લાવવા આરોપીપક્ષે પ્રયત્ન કરેલ નથી કે આવા દસ્તાવેજોને પડકારવામાં આવેલ નથી. જયારે આ દસ્તાવેજોને ફરીયાદીના સરતપાસના સોગંદનામાથી સમર્થન મળેલ હોય તે સંજોગોમાં આ દસ્તાવેજો અને તેમાં નોંધેલ હકીકતોને નહિં માનવાને કોઈ જ વાજબી કારણ ઉપસ્થિત રેકર્ડમાં જણાઈ આવતુ નથી.

(૧૧.૩) આ કામે અગાઉ ચર્ચા કર્યા મુજબ હાલની ફરીયાદ દાખલ થયા બાદ આરોપીપક્ષે ફરીયાદીની ઉલટ તપાસ કરવાની પણ કોઈ દરકાર લીધેલ નથી. ત્યારબાદ દલીલો માટે પણ હાજર રહેલા નથી. તેવા સંજોગોમાં આરોપીએ, ફરીયાદીને ફરીયાદવાળો ચેક કાયદેસરના દેવાની ચુકવણી સારૂ આપેલ હોવાની હકીકત રેકર્ડ ઉપરથી પુરવાર થઈ આવે છે. આ કામના આરોપી પોતાના ખાતાનો અને સહીવાળો ચેક ફરીયાદી પાસે કેવી રીતે આવ્યો ? તે અંગેના કોઈ સ્પષ્ટ કે વ્યાજબી ખુલાસો આરોપીએ કરેલ નથી કે આવા કોઈ ખુલાસાને રેકર્ડ ઉપર પ્રસ્થાપિત કરેલ નથી. વધુમાં આરોપીપક્ષે સંભવિતતાના ઉચ્ચ ગુણવત્તાવાળા કોઈ બચાવથી ફરીયાદી તરફેના અનુમાનોનું ખંડન થાય તેવી કોઈ હકીકત રેકર્ડ ઉપર પુરવાર કરી શકેલ નથી. આમ, ઉપરોકત તમામ ચર્ચાના અંતે, રેકર્ડ ઉપરની સમગ્ર હકીકતો ધ્યાને લેતા આરોપી ધ્વારા માત્ર અને માત્ર અત્રેની કોર્ટ સમક્ષ નોંધવામાં આવેલ પ્લીમાં ગુન્હો કરેલ હોવાનો ઈન્કાર કરવામાં આવેલ છે, જે આરોપીને નિર્દોષ સાબિત કરવા માટે પુરતું હોવાનું કોઈપણ સંજોગોમાં માની શકાય તેમ નથી.

(૧૨). આ ઉપરાંત, ફરીયાદપક્ષે એકટ–૧૮૮૧ની કલમ–૧૩૮ અન્વયે આરોપીને તકસીરવાન

ઠરાવવા માટે જરૂરી આવશ્યક તત્વો નિ:શંકપણે પુરવાર કરેલ હોય, તેમજ આરોપી એકટ–૧૮૮૧ ની કલમ–૧૩૯ અન્વયેનાં અનુમાનનું ખંડન કરવામાં નિષ્ફળ નિવડેલ હોય, **મુદ્દા નં.૧** નો જવાબ **હકારમાં** આપવામાં આવે છે. આમ, ઉપરોકત તમામ કારણોસર હાલના ગુન્હાના કામે આ કામના આરોપીને ધી નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ હેઠળના ગુન્હામાં તકસીરવાન ઠરાવવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તા. ૨૦ મી, માહે–એપ્રિલ, સને–૨૦૨૪ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ: ૨૦–૦૪–૨૪
સ્થળ:અમદાવાદ.

(કિરીટકુમાર બી.વાઘેલા)
એડીશનલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ
ને.ઈ.એકટ, કોર્ટ નં.૩૦, અમદાવાદ
GJ01142

(૧૩) આજરોજ ફરીયાદીના વિ.વકીલશ્રી હાજર રહેલ છે. આ કામના આરોપી ગેરહાજર રહેલ છે. આજરોજ આખરી ઠરાવની સુનાવણી માટે આ કામના આરોપી હાજર રહેલ ન હોય, જેથી ફરીયાદીના વિ.વકીલશ્રીની હાજરીમાં નામદાર ગુજરાત હાઈકોર્ટના **SPECIAL CRIMINAL APPLICATION (QUASHING) No. 9113 OF 2016 (ISHWARBHAI HIRABHAI CHUNARA & 1 V/S STATE OF GUJARAT, Dated 22.02.2017** ના ચુકાદાના પેરા નં.૬ માં પ્રસ્થાપિત કરેલ ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૩૫૩ અન્વયેના સિધ્ધાંતને ધ્યાને રાખી આ કેસનો ચુકાદો વધુ વિલંબિત કરવો ઉચિત જણાતો ન હોય, જેથી આરોપીની ગેરહાજરીમાં આરોપીને તકસીરવાન ઠરાવવાનો હુકમ જાહેર કરી સજા અંગે ફરીયાદીને સાંભળવામાં આવેલ છે. આરોપીને તકસીરવાન ઠરાવ્યા બાદ સજા સંદર્ભે ફરીયાદીના વિ.વ.શ્રીએ રજુઆત કરેલ છે કે, આ કામના આરોપીએ ફરીયાદીની કાયદેસરની લેણી રકમની ચુકવણી કરેલ નથી, તે રકમની ચુકવણી માટે આપવામાં આવેલ ચેક પણ રીટર્ન થયેલ છે. જેથી ફરીયાદીને હાલની ફરીયાદ કરી સમગ્ર કાર્યવાહીમાં ભાગ લેવાની ફરજ પડેલ છે, જેથી આરોપીને મહત્તમ સજા કરી, ફરીયાદીને થયેલ નાણાંકીય નુકશાન સંદર્ભે વળતર અપાવવા અરજ ગુજારેલ છે.

ફરીયાદપક્ષની દલીલ ધ્યાને રાખી, આ કેસના સંજોગો ધ્યાને લેતા રેકર્ડ ઉપર એ હકીકત પ્રસ્થાપિત થઈ આવેલ છે કે, આ કામના આરોપીએ ફરીયાદીનાં કાયદેસરના બાકી લેણી નાણાંની ચુકવણી કરેલ નથી અને ચુકવણી માટે ઈસ્યુ કરેલ ફરીયાદવાળો ચેક પણ રીટર્ન થયેલ છે. જેના કારણે ફરીયાદીને હાલની ફરીયાદ દાખલ કરી સમગ્ર કાર્યવાહીમાં ભાગ લેવાની ફરજ પડેલ છે. આમ, ઉપરોકત તમામ હકીકતો નજર સમક્ષ રાખી **મુદ્દા નં. ર** અન્વયે આથી નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

આખરી હુકમ

(૧) આ કામના આરોપી દવે અજેશ કુમાર C/O. દિનેશ ઈલેકટ્રોનિકસ નાઓને ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૨૫૫ (૨)અન્વયે ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબના શિક્ષાપાત્ર ગુન્હામાં તકસીરવાન ઠરાવી ૧(એક) વર્ષની સાદી કેદની સજા કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આ કામના આરોપીએ ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૩૫૭ અન્વયે આ કામના ફરીયાદીને ફરીયાદવાળા ચેકની રકમ રૂા. ૧,૨૮,૪૩૧/– (અંકે રૂપિયા એક લાખ અઠયાવીસ હજાર ચારસો એકત્રીસ પુરા) આ હુકમ થયેથી દિન–૩૦ માં વળતર પેટે ચુકવી આપવી. જો આરોપી ફરીયાદીને વળતરની રકમ ચુકવવામાં નિષ્ફળ જાય તો આરોપીએ વધુ ૩ માસની સાદી કેદની સજા ભોગવવાની રહેશે.

(૩) આ કામના આરોપી આજરોજ હાજર રહેલ ન હોય તેઓની હાજરી સુનિશ્ચિત કરવા આરોપી વિરૂધ્ધ ધરપકડ વોરંટ ઈસ્યુ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તા. ૨૦ મી, માહે–એપ્રિલ, સને–૨૦૨૪ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ: ૨૦–૦૪–૨૪
સ્થળ:અમદાવાદ.

(કિરીટકુમાર બી.વાઘેલા)
એડીશનલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ
ને.ઈ.એકટ, કોર્ટ નં.૩૦, અમદાવાદ
GJ01142